# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૦૨/૨૨–૨૩/ 920 તારીખ : 17 MAY 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૦૨/૨૨–૨૩

પ્રતિ,
**શ્રી પ્રતાપભાઈ નારણભાઈ કવાડ,**
**પાણીના ટાંકા પાસે,**
**મું.ખરેડ, તા.મહુવા,**
**તા.જી.ભાાવનગર.**

મો.નં–૯૯૨૪૬ ૭૨૮૯૯

**વિષય : ઘર વપરાશનું વિજ કનેકશન ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૪/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૭/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૨/૨૨–૨૩/e-૭૯૮૨૧ તા.૧૪/૦૩/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૨/૨૨–૨૩/e-૧૩૨૬૩ તા.૧૭/૦૩/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૨/૨૨–૨૩/૭૪૬ તા.૧૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૮/૦૪/૨૦૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, **મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦૨/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી પ્રતાપભાઈ નારણભાઈ કવાડ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૮/૦૪/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી પ્રતાપભાઈ નારણભાઈ કવાડ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા**
**શ્રી એ.ડી.ખપેડ, સુપ્રિ.ઓફ એકા., વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી પ્રતાપભાઈ નારણભાઈ કવાડ, મું.ખરેડ, તા.મહુવા, જી.ભાવનગરની ઘર વપરાશનું વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૨/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૨/૨૨–૨૩/e-79821 તા.૧૪/૦૩/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૩.૦૪.૨૦૨૩** તથા **તા.૨૮/૦૪/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદીશ્રી પ્રતાપભાઈ નારણભાઈ કવાડ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી એ.ડી.ખપેડ, સુપ્રિ.ઓફ એકા, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના ખરેડ ગામે રહે છે.

૧.૨ અરજદાર દ્વારા ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના ખરેડ ગામે તેઓએ ઘરવપરાશ માટે નવું વીજ કનેકશન મેળવવા વીજ કચેરી મહુવા રુરલ–૧ માં નિયમ મુજબ રૂા.૪૦/– + જીએસટી સાથે રજીસ્ટ્રેશન ચાર્જ ભરેલ ત્યારબાદ કવોટેશન ચાર્જના રૂા.૩૫૦૦+૮૪૯+૨૩.૬૦ તા.૦૩.૦૯.૨૦૨૧ ના રોજ ભરેલ છે.

૧.૩ સતર મહિના કરતાં વધારે સમય થયેલ છે. કચેરીમાં અવાર નવાર ફરિયાદ કરેલ છે. કામમાં બેદરકારો છે. કંપનીના કામમાં બેદરકારી ચાલે નહી. કંપની ધંધો કરવા બેઠી છે. કર્મચારીને પગાર આપે છે છતાં ગ્રાહકોના કામ કરતાં નથી. હજુ સુધી મીટર કનેકશન લગાડેલ નથી. લાગવગ વાળાને વીજ કનેકશન લગાડવામાં આવે છે.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievance Redressal Forum

૧.૪ મેં કવોટેશનના નાણાં ભરેલ ત્યારબાદ કેટલા નવા કનેકશન વીજ કનેકશન લગાડેલ છે તેની તપાસ કરાવો,

વિજિલન્સની તપાસ હેડ કચેરી રાજકોટ, વડોદરા અને સરકારશ્રીમાં ફરિયાદ કરવી પડશે. માનવ અધિકાર પંચ રાષ્ટ્રપતિ વગેરે ને ડિશમિશ કરવા માંગણી કરવી પડશે. તમામ જવાબદારી પીજીવીસીએલ નીરહેશે. સાથે નમુનો મોકલેલ ગામ ગુજરડામાં કિશોરભાઈ સોમાતભાઈ ગોહિલે કવોટેશન ચાર્જનાં નાણાં વીજ કનેકશન મેળવવા તા.૨૧.૦૯.૨૦૨૧ ના રોજ ભરેલ છે, તેને પણ મીટર કનેકશન મળેલ નથી. અમારી ફરિયાદનો અભ્યાસ કરી બેદરકાર ઉપર પગલા લેવા વીજ કનેકશન લગાડવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ ઉપરોકત વિષય તથા સંદર્ભના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, અત્રેની મહુવા ગ્રામ્ય–૧ પેટા વિભાગીય કચેરી પર અરજદારશ્રી કવાડ પ્રતાપભાઈ નારણભાઈ ગામ–ખરેડ, તા.મહુવાની ગોહીલ કિશોરભાઈ સોમાતભાઈ તથા કવાડ ધનજીભાઈ પ્રતાપભાઈ દ્વારા અનુક્રમે તા.૨૧.૦૯.૨૦૨૧ તથા તા.૦૩.૦૯.૨૦૨૧ ના રોજ અંદાજપત્ર ભરપાઈ કર્યાબાદ પણ વીજ જોડાણ ન મળવા બાબતની રજુઆત મળેલ.

૨.૨ જેને અનુસંધાને મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી દ્વારા સદર સ્થળ બંને અરજદાર એટલે કે, ગોહિલ કિશોર ભાઈ સોમાતભાઈ તથા કવાડ ધનજીભાઈ પ્રતાપભાઈ ના સ્થળ ની તપાસ તા.૦૮.૦૪.૨૦૨૩ ના રોજ કરેલ. સદર બન્ને સ્થળ તપાસ દરમ્યાન નીચે મુજબ જાણવા મળે છે.

૨.૩ અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરીએ ઉપલબ્ધ રેકોર્ડની ખરાઈ કરતા તેમજ તા.૦૮.૦૪.૨૦૨૩ ના રોજ કરેલ સ્થળ તપાસ પરથી જાણવા મળે છે કે, અરજદારશ્રી ગોહિલ કિશોરભઈ સોમાતભાઈ ગામ–ગુજરડા, તા.મહુવા ખાતે તા.૧૭.૦૭.૨૦૨૧ ના રોજ નવા રહેણાંકી હેતુ માટેના વીજ જોડાણ મેળવવા માટેની અરજી કરેલ. અરજદાર દ્વારા અરજી સમયે ભરવામાં આવેલ એ–૧ ફોર્મમાં નવા વીજજોડાણ મેળવવા માટેનું સરનામું ઘર નંબરઃ ૧૮૦, પ્લોટ વિસ્તાર, ગામ–ગુજરડા, તા.મહુવા જણાવેલ. પરંતુ, તા.૦૮.૦૪.૨૦૨૩ના રોજ સદર અરજદાર દ્વારા જે સ્થળ પર વિજજોડાણ લેવા જણાવેલ તે સ્થળ વાડી વિસ્તારમાં હોઈ તેવું જણાઈ આવેલ. આમ, સદર અરજદાર દ્વારા જે તે સમયે વિજજોડાણ ની અરજી સમયે તેમજ તે સમયના સ્થળ સર્વેક્ષણ સમયે અલગ જગ્યા દર્શાવી અંદાજપત્ર એ સ્થળ મુજબનું મેળવી અંદાજપત્ર ભરપાઈ કરેલ અને વીજજોડાણ રીલીઝ એટલે કે વીજ મીટર લગાડવા સમયે અલગ વાડી વિસ્તાર બતાવેલ હોઈ તેવું જણાય છે. આમ, સદર વ્યકિત દ્વારા અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરીને ગેરમાર્ગે દોરેલ છે. સદર અરજદારના રેકોર્ડની ઇ–ઉર્જા સીસ્ટમમાં ખરાઈ કરતાં, તેમની એસ. આર. નું સ્ટેટસ '' Not Paid Cancelled '' છે.

૨.૪ અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરીએ ઉપલબ્ધ રેકોર્ડની ખરાઈ કરતા તેમજ તા.૦૮.૦૪.૨૦૨૩ ના રોજ કરેલ સ્થળ તપાસ પરથી જાણવા મળે છે કે, અરજદારશ્રી કવાડ ધનજીભાઈ પ્રતાપભાઈ ગામ–ખરેડ,

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તા.મહુવા ખાતે તા.૧૭.૦૭.૨૦૨૧ ના રોજ નવા રહેણાંકી હેતુ માટેના વીજજોડાણ મેળવવા માટેની અરજી કરેલ. અરજદાર દ્વારા અરજી સમયે ભરવામાં આવેલ એ–૧ ફોર્મમાં નવા વીજ જોડાણ મેળવવા માટેનું સરનામું ઘર નંબર.૨૯, ધાર નગર ગામ–ખરેડ, તા.મહુવા જણાવેલ. પરંતુ, તા.૦૮.૦૪.૨૦૨૩ ના રોજ સદર અરજદાર દ્વારા જે સ્થળ પર વીજજોડાણ લેવા જણાવેલ તે સ્થળ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા મુજબ ખરાઈ થતી નથી. આમ, સદર અરજદાર દ્વારા જે તે સમયે વીજજોડાણની અરજી સમયે તેમજ તે સમયના સ્થળ સર્વેક્ષણ સમયે અલગ જગ્યા દર્શાવી અંદાજપત્ર એ સ્થળ મુજબનું મેળવી અંદાજપત્ર ભરપાઈ કરેલ અને વીજ જોડાણ રીલીઝ એટલે કે વીજ મીટર લગાડવા સમયે અલગ સ્થળ બતાવેલ હોઈ તેવું જણાય છે. આમ, સદર વ્યકિત દ્વારા અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરીને ગેરમાર્ગે દોરેલ છે. સદર અરજદારના રેકોર્ડની ઇ–ઉર્જા સીસ્ટમમાં ખરાઈ કરતા, તેમની એસ.આર નું સ્ટેટસ '' Not Paid Cancelled '' છે. વધુમાં, સદર સ્થળ ની ખરાઈ બાબતની ચોકસાઈ માટે અરજદાર દ્વારા સક્ષમ અધિકારીશ્રી ની ચર્તુસીમાનો દાખલો રજુ કરવો જરૂરી છે.

૨.૫ આમ, સદર વીજજોડાણ મેળવવાના સ્થળ અરજદારો દ્વારા તેમના અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબના ન હોઈ, વીજ જોડાણ આપવામાં આવેલ નથી. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી મહુવા તાલુકાના ખરેલ ગામે રહે છે તથા પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા તા.૦૩/૦૯/૨૦૨૧ ના રોજ કવોટેશન ચાર્જની ફી સ્વીકાર્યા બાદ પણ નવું ઘર વપરાશનું કનેકશન ન આપવાની બાબતને લઈને વિવાદ થતાં ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીના અનુસંધાને ફોરમ દ્વારા તા.૦૩/૦૪/૨૦૨૩ તથા તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં, વાદી તથા પ્રતિવાદી તા.૦૩/૦૪/૨૦૨૩ ના રોજ હાજર રહેલ નહી. જયારે, તા.૨૮/૦૪/૨૦૨૩ ના રોજ વાદી તેમજ પ્રતિવાદી હાજર છે.

૩.૩ આ અંગે રેકર્ડ અને રજૂઆતો ધ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, વાદી દ્વારા કવાડ ધનજીભાઈ પ્રતાપભાઈ, ગામ–ખરેડ દ્વારા તા.૧૭/૦૭/૨૦૨૧ ના રોજ વિજ જોડાણ મેળવવા માટેની કરેલ અરજીમાં કનેકશન મેળવવા માટેના સ્થળનું સરનામું ઘર નંબર–૨૯, ધારનગર, ગામ–ખરેડ, તા.મહુવા દર્શાવેલ. પરંતુ, પ્રતિવાદી દ્વારા તા.૦૮/૦૪/૨૦૨૩ ના રોજ સ્થળ ચકાસણી કરતા દસ્તાવેજી પુરાવાઓની સાઈટ સરનામે ખરાઈ થતી નથી અને વાડી વિસ્તાર હોય તેવું માલૂમ પડેલ છે. આમ, વાદી દ્વારા અલગ સ્થળનું સરનામું દર્શાવી કનેકશન મેળવવાની અરજી કરેલ હોય, અલગ અલગ સરનામા હોવાથી પ્રતિવાદી ની કચેરી દ્વારા વાદીની અરજી કેન્સલ કરેલ છે. જે પ્રક્રિયા નિયમાનુસાર છે.

૩.૪ આથી, હુકમ કરવામાં આવે છે કે, વાદી દ્વારા ફોર્મ એ–૧ માં દર્શાવેલ સ્થળ અલગ હોય હાલની અરજી રદ કરવામાં આવેલ છે તે યોગ્ય છે. પ્રતિવાદી એ વાદીને ભરેલ રકમ રીફંડ કરવી.

૩.૫ વાદીએ સાચા સ્થળ અને વિગત દર્શાવી નવેસર થી કનેકશન મેળવવા અરજી કરવા જણાવવામાં આવે છે.

P G V.C.L. Bhavnagar ...ressal Forum

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ અને ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૮/૦૪/૨૦૨૩.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar